પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૯૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૨-૧૨-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભારતનું બંધારણ જમ્મુ અને કાશ્મીરના બંધારણ કરતાં ચડિયાતું છે. કલમ ૩૭૦ એક અસ્થાયી વ્યવસ્થા છે : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

જમ્મુ અને કાશ્મીરમાંથી બંધારણની કલમ ૩૭૦ની જોગવાઈઓને રદ કરવાના કેન્દ્ર સરકારના ૨૦૧૯ના નિર્ણય વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુપ્રીમ કોર્ટ આજે એટલે કે ૧૧ ડિસેમ્બરે પોતાનો ચુકાદો આપ્યો છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડના નેતૃત્વ હેઠળની પાંચ ન્યાયાધીશોની બેન્ચે સવારે ૧૧ વાગ્યે આ કેસમાં ચુકાદો વાંચવાનું શરૂ કર્યું હતું સીજેઆઇ સિવાય આ બેંચમાં જસ્ટિસ સંજય કિશન કૌલ, સંજીવ ખન્ના, જસ્ટિસ બીઆર ગવઈ અને સૂર્યકાન્ત હતા ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર મહિનામાં સતત ૧૬ દિવસ સુધી તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.કલમ ૩૭૦ નાબૂદ કરવાના વિરોધમાં ચુકાદો આપતાં મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે પાંચ જજોના ત્રણ અલગ-અલગ નિર્ણય છે. ત્રણેય નિર્ણયો પર સૌ એકમત છે.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે અમે તે સમયગાળા દરમિયાન રાજ્યમાં લાદવામાં આવેલા રાષ્ટ્રપતિ શાસન અંગે કોઈ નિર્ણય લીધો નથી. પરિસ્થિતિ અનુસાર રાષ્ટ્રપતિ શાસન લાદી શકાય છે. રાષ્ટ્રપતિ પાસે કલમ ૩૫૬ હેઠળ સત્તા છે. તેને પડકારી શકાય નહીં. બંધારણીય સ્થિતિ એ છે કે તેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ. કલમ ૩૫૬-રાજ્ય સરકારને વિખેરી નાખવા અને રાષ્ટ્રપતિ શાસન લાદવાની વાત કરે છે. રાષ્ટ્રપતિ શાસન દરમિયાન રાજ્ય સરકારની જગ્યાએ કેન્દ્ર નિર્ણય લઈ શકે છે. રાજ્ય વિધાનસભાની જગ્યાએ સંસદ કાર્ય કરી શકે છે.

મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે જ્યારે રાજા હરિ સિંહે ભારત સાથે વિલીનીકરણ



કરાર પર હસ્તાક્ષર કર્યા ત્યારે જમ્મુ-કાશ્મીરની સાર્વભૌમત્વ સમાપ્ત થઈ ગઈ હતી. તે ભારત હેઠળ બન્યું. તે સ્પષ્ટ છે કે જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. ભારતનું બંધારણ જમ્મુ અને કાશ્મીરના બંધારણ કરતાં ચડિયાતું છે. કલમ ૩૭૦ એક અસ્થાયી વ્યવસ્થા છે.

કલમ ૩૭૦ પર ચુકાદો વાંચતા મુખ્ય ન્યાયાધીશે કહ્યું છે કે રાજ્યમાં યુદ્ધની સ્થિતિને કારણે કલમ ૩૭૦ એક વચગાળાની વ્યવસ્થા હતી. કલમ ૩૭૦(૩) હેઠળ રાષ્ટ્રપતિ પાસે સૂચના જારી કરવાની સત્તા છે કે કલમ ૩૭૦ અસ્તિત્વમાં નથી અને તે કલમ ૩૭૦ જમ્મુ અને કાશ્મીર બંધારણ સભાના વિસર્જન પછી પણ અસ્તિત્વમાં રહેશે. બંધારણ સભાની ભલામણ રાષ્ટ્રપતિને બંધનકર્તા ન હતી. જમ્મુ અને કાશ્મીર બંધારણ સભાને કામચલાઉ સંસ્થા બનાવવાનો હેતુ હતો.

### રાષ્ટ્રપતિ શાસન દરમિયાન રાજ્ય સરકારની જગ્યાએ કેન્દ્ર નિર્ણય લઈ શકે છે. રાજ્ય વિધાનસભાની જગ્યાએ સંસદ કાર્ય કરી શકે છે

ચીફ જસ્ટિસે કહ્યું કે જમ્મુ-કાશ્મીરની બંધારણ સભાની ભલામણ પછી જ રાષ્ટ્રપતિએ કલમ ૩૭૦ પર કોઈ આદેશ જારી કરવો જરૂરી નથી. કલમ ૩૭૦ ને નિષ્ક્રિય કરીને, નવી વ્યવસ્થાએ જમ્મુ અને કાશ્મીરને બાકીના ભારત સાથે જોડવાની પ્રક્રિયાને મજબૂત બનાવી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનું બંધારણીય રીતે માન્ય છે. જમ્મુ-કાશ્મીર પર કેન્દ્ર સરકારનો નિર્ણય યથાવત રહેશે. ૫ ઓગસ્ટ, ૨૦૧૯નો નિર્ણય અકબંધ રહેશે. તેમાં ફેરફાર કરવામાં આવશે નહીં.સીજેઆઈએ કહ્યું છે કે જમ્મુ-કાશ્મીરમાં વહેલી તકે નવા સીમાંકનના આધારે ચૂંટણી યોજવી જોઈએ. આ અંગે કેન્દ્ર સરકારને સૂચના આપવામાં આવી છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પરત મળવો જોઈએ.

૧૬ દિવસની સુનાવણી દરમિયાન, કોર્ટે એટર્ની જનરલ આર વેંકટરામણી, સોલિસિટર જનરલ તુષાર મહેતા, વરિષ્ઠ વકીલો હરીશ સાલ્વે, રાકેશ દ્વિવેદી, વી ગિરી અને કેન્દ્ર વતી અન્ય અને કલમ ૩૭૦ નાબૂદ કરવાના બચાવમાં હસ્તક્ષેપ કરનારાઓને સાંભળ્યા. વકીલોએ આ જોગવાઈને રદ કરવાના કેન્દ્રના ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના નિર્ણયની બંધારણીય માન્યતા, જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમની માન્યતા સામે દલીલ કરી હતી જેણે અગાઉના રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યું હતું, જમ્મુ અને કાશ્મીરમાં જૂનના રોજ રાજ્યપાલ શાસન લાદ્યું હતું. ૨૦, ૨૦૧૮, અને ૧૯ ડિસેમ્બરે જમ્મુ અને કાશ્મીરમાં રાજ્યપાલ શાસન લાદવામાં આવ્યું. ૨૦૧૮ માં રાષ્ટ્રપતિ શાસન લાદવા અને ૩ જુલાઈ ૨૦૧૯ ના રોજ તેના વિસ્તરણ સહિત વિવિધ મુદ્દાઓ પર તેમના વિચારો વ્યક્ત કર્યા. નોંધનીય છે કે કલમ ૩૭૦ અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ ૨૦૧૯ નાબૂદને પડકારતી અનેક અરજીઓ ૨૦૧૯ માં બંધારણીય બેંચને મોકલવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ ૨૦૧૯ ને કારણે, અગાઉના રાજ્યને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં એમ પણ કહ્યું કે કેન્દ્રએ જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવા અંગે રજૂઆત કરી છે, તે મુજબ જમ્મુ-કાશ્મીરને વહેલી તકે રાજ્યનો દરજ્જો આપવામાં આવે તેવી સૂચના આપવામાં આવે છે. ઉપરાંત, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં વિધાનસભા ચૂંટણી કરાવવાનો નિર્દેશ આપ્યો છે.

## ચીને ભૂટાનમાં એક આખુ ગામ વસાવ્યું!, ૨૦૦થી વધુ બિલ્ડિંગનું કર્યુ નિર્માણ, ભારતની મુશ્કેલી વધશે

નવીદિલ્હી,

સરહદ નક્કી કરવાની વાતચીત વચ્ચે ચીને ભૂટાનની જકરલુંગ ઘાટીમાં ગેરકાયદેસર બાંધકામ પ્રવૃત્તિઓ વધારી દીધી છે. આ બાંધકામ સાથે જોડાયેલી કેટલીક સેટેલાઇટ તસવીરો સામે આવી છે જેમાં ચીનની ગેરકાયદે બાંધકામ ગતિવિધિ સ્પષ્ટપણે દેખાઇ રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે એવું લાગે છે કે ભૂટાન પાસે ચીનના પ્રસ્તાવને સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

ભૂટાનના જકરલુંગ ઘાટી બેયુલ ખેનપાજોંગ વિસ્તારનો ભાગ છે જે ભૂટાનના લોકો માટે એક મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક અને ધાર્મિક વિસ્તાર છે. મેક્સાર સેટેલાઇટની તસવીરો બતાવે છે કે કેવી રીતે ચીને ૨ વર્ષમાં જકરલુંગ ઘાટીમાં પોતાનું કામ હાથ ધર્યું છે. ચીને તાજેતરમાં જ આ વિસ્તાર પર પોતાનો દાવો ઠોક્યો છે અને તે એમ પણ જાણે છે કે ભૂટાન પાસે પ્રતિક્રિયાના રૂપમાં ઘણા ઓછા વિકલ્પ છે.

રિપોર્ટ અનુસાર, ૭ ડિસેમ્બરની સેટેલાઇટ તસવીરોમાં જોઇએ તો ચીન દ્વારા જકરલુંગ ઘાટીમાં ૧૨૯ બિલ્ડિંગ બનાવવામાં આવી રહી છે. આ એક રહેણાંક વિસ્તાર લાગે છે અને તેનાથી થોડા દૂર એક બીજા વિસ્તારમાં ૬૨ બિલ્ડિંગ દેખાઇ રહી છે.આ વિસ્તારની ઓગસ્ટ, ૨૦૨૧ની જૂની તસવીરો જોઇએ તો ખબર પડે છે કે ત્યારે તેમાં કોઇ પણ બિલ્ડિંગનું બાંધકામ કરવામાં આવ્યું નહતું.

લંડન યૂનિવર્સિટીમાં સ્કૂલ ઓફ ઓરિએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીમાં તિબેટના જાણકાર પ્રોફેસર રોબર્ટ વાર્નેટે કહ્યું, "આ ચીન દ્વારા ચરવૈયા દ્વારા ચરાવવામાં આવેલી પૂર્વ પ્રથાઓના આધાર પર દાવાની ઘટના છે. એક તરફી વિસ્તાર પર કબ્જો જમાવી લેવો અને વિસ્તારમાં ગામ, સેન્ય બેરક અને ચોકીઓ બનાવવી."કબ્જા પછી ભૂટાન પર પૂર્વ સરહદથી ૫૦ કિલોમીટર દૂર સ્થિત વિસ્તારમાં ચીની શરતોનો સ્વીકાર કરવા સિવાય કોઇ વિકલ્પ બાકી નથી.

ભૂટાનના વડાપ્રધાન લોટે શેરિંગે ચીન અને ભૂટાન દ્વારા જમીનના ટુકડાની અદલા બદલીની શક્યતાઓને ફગાવી દીધી હતી, જેની હેઠળ ચીન દક્ષિણમાં સ્થિત ડોકલામ પર પોતાનો દાવો છોડી શકે છે તો જકરલુંગ સહિત કેટલાક વિસ્તારમાં જમીનની અદલા બદલી થઇ શકે છે.જોકે, શેરિંગે કહ્યું, આ ભૂટાનના હિતમાં હશે કે સરહદી વાર્તામાં બન્ને પક્ષ (ભારત અને ચીન) તેના નિર્ણયથી ખુશ થાય.રોબર્ટ વાર્નેટનું માનવું છે કે જે રીતે સરહદ વિવાદને લઈને કેટલીક સંધીઓનું ઉલ્લંઘન કરવા ચીનની ચાલ સામે આવી છે તેનાથી ભારતની ચિંતા વધી શકે છે.

રોબર્ટ વાર્નેટનું કહેવું છે, "ચીને વિવાદિત વિસ્તારમાં યથાસ્થિતિમાં બદલાવ ના કરવા માટે ૧૯૯૮માં ભૂટાન સાથે એક ઔપચારિક સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા પરંતુ જકરલુંગ પર કબ્જો કરીને અને તેને વસાવવામાં ચીને સમજૂતિનું ઉલ્લંઘન કર્યુ છે."

ચીન ભારતના સિલિગુડી નજીક પણ બાંધકામ વધારી રહ્યું છે જેને લઈને કેન્દ્ર સરકારે ભારતીય સેનાને કેટલીક વખત ચેતવણી આપી છે.સિલિગુડી કોરિડોર તે સાંકળો રસ્તો છે જે ભારતના પૂર્વોત્તર ભાગને દેશના અન્ય ભાગ સાથે જોડે છે. આ વિસ્તારમાં ધીમે ધીમે બાંધકામ કરીને ચીનની ક્ષેત્રીય વિસ્તાર યોજનાઓની રણનીતિ રહી છે, જેને ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે 'સલામી- સ્લાઈસિંગ' નામ આપ્યુ હતુ.

## હવે ૩૧ જાન્યુઆરી સુધી અટવાયેલા આવકવેરા રિફંડ આપવામાં આવશે

નવીદિલ્હી,

ટેકનિકલ કારણોસર અટવાયેલા આવકવેરા રિફંડ કેસમાં કરદાતાઓને રાહત મળવાની છે. ખાસ કરીને જેમને છેલ્લા ચાર વર્ષોથી રિફંડ મળ્યું નથી. આવકવેરા વિભાગ આ કેસોને ઝડપથી પતાવશે અને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં સંબંધિત કરદાતાઓના ખાતામાં બાકી રકમ પરત કરાશે.

વિભાગના જણાવ્યા અનુસાર, સમયમર્યાદા સમાપ્ત થવાને કારણે ઘણા કરદાતાઓના આવકવેરા રિટર્નની પ્રક્રિયા થઈ શકી નથી. તે જ સમયે, કેટલાક કિસ્સાઓમાં આઈટીઆરમાં તકનીકી સમસ્યાઓના કારણે, તેઓ ચકાસી શક્યા નથી. જેના કારણે કરદાતાઓના રિફંડના દાવાઓનું સમાધાન થઈ શક્યું નથી.

આવકવેરા વિભાગના જણાવ્યા અનુસાર, આવા કેસમાં રિફંડ ત્યારે જ આપવામાં આવશે જ્યારે આઈટીઆરમાં કરદાતા દ્વારા કરવામાં આવેલી ગણતરી આવકવેરા વિભાગની ગણતરી સાથે મેળ ખાતી હોય. રિફંડ મંજૂર થતાંની સાથે જ કરદાતાને ઈ-મેઈલ મોકલીને જાણ કરવામાં આવશે. તેમને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં આવકવેરા રિફંડ આપવામાં આવશે.

વિભાગના આદેશ અનુસાર, પહેલા એવા લોકોના આઈટીઆરની પ્રક્રિયા કરવામાં આવશે જેમણે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ માટે રિફંડ મેળવ્યું નથી. આ પછી આકારણી વર્ષ ૨૦૨૦-૨૧ના કેસ લેવામાં આવશે.

હાલના નિયમો મુજબ, આવકવેરા વિભાગે નાણાકીય વર્ષના અંતથી નવ મહિનાની અંદર આ આઈટીઆર પર પ્રક્રિયા કરવી પડશે અને રિફંડ જાહેર કરવું પડશે. ઉદાહરણ તરીકે, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ (વર્ષ ૨૦૨૨-૨૩) માટે ફાઈલ કરાયેલ આઈટીઆરની પ્રક્રિયા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં કરવામાં આવશે. અગાઉ, ટેક્સ વિભાગને નાણાકીય વર્ષના અંતથી એક વર્ષનો સમય મળતો હતો જેમા આઈટીઆર ફાઈલ કરવામાં આવે છે.

## કાશી વિશ્વનાથ ધામમાં બનાવ્યો રેકોર્ડ, ૨ વર્ષમાં ૧૩ કરોડ ભક્તોએ મુલાકાત લીધી

લખનૌ,

કાશી વિશ્વનાથ ધામઃ છેલ્લા બે વર્ષમાં રેકોર્ડ સંખ્યામાં શ્રદ્ધાળુઓ કાશી વિશ્વનાથ ધામ પહોંચ્યા છે. કાશી વિશ્વનાથ ધામમાં ભક્તો માટે સુલભતા અને સુવિધાઓ વધારવા માટે યોગી સરકારની અતૂટ પ્રતિબદ્ધતાને પરિણામે છેલ્લા બે વર્ષમાં પવિત્ર સ્થળની મુલાકાત લેતા ભક્તોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, જેમાં ૧૬,૦૦૦ આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓનો સમાવેશ થાય છે.કાશી વિશ્વનાથ ધામ અને સ્પેશિયલ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુનિલ વર્માએ જણાવ્યું હતું કે ૧૩ ડિસેમ્બર, ૨૦૨૧ થી ૬ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં, ૧૫,૯૩૦ વિદેશી ભક્તોએ પ્રતિષ્ઠિત વિશ્વનાથ મંદિરની મુલાકાત લેવા માટે બુકિંગ કરાવ્યું છે.

વડીપ્રધાન મોદીએ ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ કાશી કોરિડોરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારથી, તીર્થસ્થળ પર શ્રદ્ધાળુઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. વર્માએ કહ્યું કે ૨૦૨૨ની સરખામણીમાં ૨૦૨૩ માટે બુકિંગ લગભગ બમણું થઈ ગયું છે.સીઈઓના જણાવ્યા અનુસાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૧ થી ૬ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં ૧૨ કરોડ ૯૨ લાખ ૨૪ હજાર લોકોએ રેકોર્ડબ્રેક મુલાકાત લઈને યાત્રાધામમાં ધાર્મિક પ્રવાસનમાં નોંધપાત્ર વધારો થયો છે.

સીઈઓ અનુસાર, ડિસેમ્બર ૨૦૨૧માં ભક્તોની સંખ્યા ૪૦ હતી, ૧ જાન્યુઆરી, ૨૦૨૨થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ વચ્ચે ૪૫૪૦ અને ૧ જાન્યુઆરી, ૨૦૨૩થી ૬ ડિસેમ્બર, ૨૦૨૩ની વચ્ચે ૧૧,૩૫૦ હતી.

## લોકસભા ચૂંટણીની તૈયારીઓ માટે ગુજરાતમાં બ્યુગલ વાગશે, ભાજપ દ્વારા બેઠક યોજાશે

અમદાવાદ,

લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત ભાજપ એક્ટિવ મોડમાં જોવા મળી રહી છે. લોકસભાની ચૂંટણીના ભાગરૂપે ભાજપ આવતીકાલે ૧૨ ડિસેમ્બરે બેઠક યોજવાની છે. આવતીકાલે ગુજરાત ભાજપના ધારાસભ્યો અને સાંસદોની બેઠક મળવાની છે. પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે આ બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ આ બેઠકમાં હાજર રહેવાના છે.

આવતીકાલે ગુજરાતમાં સરકારને એક વર્ષ પૂર્ણ થવાનું છે. વર્ષ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ બેઠક સાથે ભાજપની જીત થઈ હતી. તેનાથી જ લોકસભાનો રોડ મેપ મજબૂત થતો હોવાનું જોવા મળ્યુ હતુ. એવુ કહેવામાં આવે છે કે ભાજપ માટે જે પણ હિંદી બેલ્ટ છે, ત્યાં જેટલી બેઠક વધારે હોય છે.તેટલો જ ફાયદો ભાજપને લોકસભામાં થતો હોય છે.આ વખતે લોકસભામાં ૪૦૦ પારનો ભાજપનો લક્ષ્યાંક છે, ત્યારે આવતીકાલે ભાજપની મહત્વની બેઠક યોજાશે.

આવતીકાલે સ્નેહમિલન પ્રકારના કાર્યક્રમનું ભાજપે આયોજન કર્યુ છે. જેમાં સાંસદો, ધારાસભ્યો, તમામ જિલ્લાના પ્રદેશ પ્રમુખને બોલાવવામાં આવ્યા છે.પેજ સમિતિ કે જેના દ્વારા ગુજરાતમાં ૧૫૬ બેઠક આવી હતી, તેને વધુ મજબૂત કરવામાં આવશે. દિવાળી પછીની આ પહેલી બેઠક યોજાવાની છે જેમાં ભાજપના સાંસદો, ધારાસભ્યો, તમામ જિલ્લાના પ્રદેશ પ્રમુખ હાજર રહેવાના છે. આ સાથે જ આવતીકાલથી લોકસભા ચૂંટણીની તૈયારીઓ માટેનું બ્યુગલ ગુજરાતમાં વાગી જશે.

## સુરતમાં GSTના દરોડા, ટીમે સાત કરોડની કરચોરી પકડી પાડી

સુરત,

સુરતમાં જીએસટીની ટીમે દિવાળી પછીનું ઉઘરાણુ કાઢતા હોય તેમ વેપારીઓ પર દરોડા પાડ્યા હતા. આ દરોડા સ્માર્ટ વોચના વેપારીઓને ત્યાં પાડવામાં આવ્યા હતા. સ્માર્ટ વોચના વેપારીઓ પાસેથી સાત કરોડ રૂપિયાની કરચોરી પકડાઈ હતી.

આ દરોડા ઓનલાઈન વેપારીઓ પર પાડવામાં આવ્યા હતા. જીએસટી વિભાગે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને વેપારીઓની કરચોરી પકડી હતી. વેપારીઓના ઓનલાઈન વ્યવહાર અને ચૂકવણી તથા બિલો વચ્ચેના તફાવતને પકડી પાડીને આ પ્રકારના દરોડા પાડવામાં આવ્યા હતા. વેપારીઓ જે વેચાણ કરે છે અને તેના વાસ્તવિક વેચાણ વચ્ચે ઘણો તફાવત હોય છે. વેપારીઓ વેચાણના સાચા આંકડા બતાવતા જ નથી.

તેના લીધે આજે પણ ફિલ્ડ ટીમને તેમા અંગે બાતમી તો મળે જ છે, પરંતુ તેની સાથે-સાથે ઓનલાઈન ટ્રેસિંગ પણ ચાલુ કરવામાં આવ્યું છે. આ રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના અને ડેટા પ્રોસેસિંગના ઉપયોગની મદદથી કરચોરી પકડવામાં આવે છે.

જીએસટી કલેકશનની ચાલુ વર્ષની સરેરાશ ૧.૬૬ કરોડની રહી છે અને જીએસટી પોર્ટલ મુજબ કુલ ૧.૪૦ કરોડ વેપારીઓ નોંધાયેલા છે. જ્યારે કોર્પોરેટ અફેર્સ મિનિસ્ટ્રી મુજબ દેશમાં નાના મોટા સહિત કુલ નોંધાયેલી કંપનીઓ અને એકમોની સંખ્યા છ કરોડ છે. આમ આગામી સમયમાં જીએસટી વેરા વસૂલીનો આંક બે લાખ કરોડ સુધી પહોંચાડવામાં આ પ્રકારના દરોડા હવે દૈનિક ધોરણે જુદા-જુદા સ્થળોએ જોવા મળે તેવી પૂરી સંભાવના છે.

## અઠવાડિયાના પહેલા જ દિવસે સોનાના ભાવમાં જબરદસ્ત કડાકો, ચાંદી પણ થઈ ધડામ

અમદાવાદ,

ભારતીય શરાફા બજારમાં આજે સોનાના ભાવમાં જબરદસ્ત મોટો કડાકો જોવા મળી રહ્યો છે. ચાંદી પણ સસ્તી થઈ છે. શુક્રવારે સાંજે ૨૪ કેરેટ શુદ્ધ સોનાનો ભાવ ૬૨૪૧૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતો પરંતુ આજે કિંમતી ધાતુના ભાવ ગગડી ગયા છે. હાલ લગ્નગાળો ચાલુ હોવાથી એવા સમયે સોનાના ભાવમાં જબરદસ્ત કડાકો જોવા મળી રહ્યો છે. જો તમારે લગડી કે દાગીના લેવા હોય તો ફટાફટ લેટેસ્ટ રેટ ચેક કરી લો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની અધિકૃત વેબસાઈટ મુજબ ૯૯૯ પ્યોરિટીવાળું ૧૦ ગ્રામ સોનું આજે ૮૨૦



રૂપિયા તૂટીને હાલ ૬૧૫૯૫ રૂપિયાની સપાટીએ જોવા મળી રહ્યું છે. જ્યારે ૯૧૬ પ્યોરિટીવાળું ૧૦ ગ્રામ ગોલ્ડ હાલ ૭૫૧ રૂપિયા ગગડીને ૫૬૪૨૧ રૂપિયાના સ્તરે છે. ચાંદીની વાત કરીએ તો હાલ ચાંદી પ્રતિ કિલો ૨૦૨૩ રૂપિયા ગગડીને ૭૧૬૮૮ રૂપિયાના સ્તરે છે. શુક્રવારે જ્યારે બજાર બંધ થયું ત્યારે ચાંદીના ભાવ ૭૩૭૧૧ રૂપિયા પ્રતિ કિલો હતા.

## કચ્છનું નલિયા ગુજરાતનું સૌથી ઠંડુ શહેર બન્યુ, તાપમાન ૧૦ ડિગ્રીથી પણ નીચે



અમદાવાદ,

કચ્છઃ ગુજરાતમાં શિયાળાની કડકડતી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે અને ધીરે-ધીરે ઠંડીનો ચમકારો વધતો જઈ રહ્યો છે. આગામી દિવસોમાં હજુ વધારે ઠંડી પડવાની આગાહી છે.હાલમાં કચ્છ જિલ્લાના નલિયામાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. નલિયામાં છેલ્લા બે દિવસથી ૧૦ ડિગ્રી કરતા પણ ઓછુ તાપમાન નોંધાઈ રહ્યુ છે.

કચ્છમાં દિવસેને દિવસે ઠંડી વધતી જઈ રહી છે. કચ્છનું નલિયા ૯.૨ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યુ છે. છેલ્લા બે દિવસથી નલિયામાં ૧૦ ડિગ્રીથી નીચે તાપમાન નોંધાઈ રહ્યુ છે. અમદાવાદમાં પણ તાપમાનનો પારો ૧૬.૨ ડિગ્રી પર પહોંચ્યો છે. રાજ્યમાં ધીરે ધીરે શિયાળો જામી રહ્યો છે. લોકો ગરમ કપડાં વિના તો બહાર જ ન નીકળી શકે તેવો માહોલ બન્યો છે.

## વર્ષોથી અડિંગો જમાવીને બેસેલાં 'મામા'ની રાજગાદી મોહન યાદવ છીનવી લીધી, મધ્ય પ્રદેશમાં શિવનું રાજ ખતમ

ભોપાલ,

પ્રધાનમંત્રી મોદી અને તેમના ચાણક્ય કહેવાતા અમિત શાહે આ વખતે ગુજરાતની જેમ મધ્ય પ્રદેશમાં પણ મુખ્યમંત્રી તરીકે નવું નામ જાહેર કરીને સૌ ને ચોંકાવી દીધાં. શિવરાજ સિંહ ચૌહાણ સહિત જે નામો ચર્ચામાં હતા તેને કોરાણે મુકીને નવા ચેહરોને જ સોંપી દેવામાં આવી મધ્ય પ્રદેશની કમાન હવે મોહન યાદવના હાથમાં સોપવામાં આવી છે કહેવાય છે કે નરેન્દ્ર સિંહ તોમર મધ્ય પ્રદેશના વિધાનસભાના સ્પીકર બનશે. મુખ્ય મંત્રી મોહન યાદવને સાથ આપવા તેમની સાથે બે ડેપ્યુટી સીએમ. જગદીશ દેવડા અને રાજેન્દ્ર શુક્લા રાખવામાં આવશે આ બે વિશ્વાસુ ચહેરા બનશે.

ભાજપના ધારાસભ્યોની બેઠકમાં ઓબીસી સમુદાયમાંથી આવતા મોહન યાદવના નામને મંજૂરી આપવામાં આવી હતી.યાદવ વર્ષ



૨૦૧૩માં તેઓ પ્રથમ વખત ઉજ્જૈન દક્ષિણ બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા. ૨૦૧૮ની મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં, જનતાએ ફરી એકવાર તેમને ઉજ્જૈન દક્ષિણ બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટ્યા. ૨ જુલાઈ, ૨૦૨૦ ના રોજ, તેઓ શિવરાજ સિંહ ચૌહાણ સરકારમાં કેબિનેટ મંત્રી બન્યા અને તેમને ઉચ્ચ શિક્ષણ મંત્રીનું કામ સોંપવામાં આવ્યું. તેમની છબી હિંદુ નેતા જેવી રહી છે અને મોહન યાદવ પણ આરએસએસના નજીકના માનવામાં આવે છે.

૨૫ માર્ચ ૧૯૬૫ના રોજ ઉજ્જૈનમાં જન્મેલા મોહન યાદવે બી એસસી,એલએલબી એમએમાં પોલિટિકલ સાયન્સ, એમબીએ અને પીએચડી કર્યુ છે. મોહન યાદવ એબીવીપી સાથે સંકળાયેલા છે. ૧૯૮૨માં તેઓ માધવ સાયન્સ કોલેજના વિદ્યાર્થી સંઘના સહ-સચિવ હતા. આ પછી, તેઓ ૧૯૮૪ માં તેના પ્રમુખ બન્યા. ૧૯૮૪માં, તેઓ એબીવીપી ઉજ્જૈનના શહેર મંત્રી અને ૧૯૮૬ માં, વિભાગના વડા તરીકે ચૂંટાયા. વર્ષ ૧૯૮૮માં, તેઓ એમપી એબીવીપીના રાજ્ય સહ-સચિવ અને રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય બન્યા. ૧૯૮૯-૯૦માં તેઓ એબીવીપીના રાજ્ય એકમના રાજ્ય મંત્રી બન્યા અને ૧૯૯૧-૯૨માં તેઓ કાઉન્સિલના રાષ્ટ્રીય મંત્રી બન્યા.૧૯૯૩-૯૫ થી, તેઓ ઉજ્જૈન શહેરમાં આરએસએસના સહ-વિભાગના સચિવ બન્યા અને ૧૯૯૭ માં, તેઓ ભારતીય જનતા યુવા મોરચાની રાજ્ય કાર્યકારી સમિતિના સભ્ય હતા. ૧૯૯૮માં તેઓ પશ્ચિમ રેલવે બોર્ડની સલાહકાર સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

કોંગ્રેસનો આરોપ છેકે, મોહન યાદવે પોતાના અંગત સ્વાર્થ ખાતર ઉજ્જૈન મંદિરના માસ્ટર પ્લાનમાં ફેરફાર કર્યો છે. તેઓ શિવરાજ સરકારમાં મંત્રી હતા તે સમયે પોતાના પરિવારના લોકોને લાભ કરાવવા માસ્ટર પ્લાનનો દૂરઉપયોગ કર્યો હતો. જોકે, યાદવ આ આરોપોને નકારી ચુક્યા છે.

સૂત્રોની માનીએ તો મોહન યાદવે જેતે સમયે માતા સીતાને લઈને વિવાદિત નિવેદન આપ્યું હતું. ત્યારે તેઓ શિવરાજ સિંહની સરકારમાં શિક્ષણ મંત્રી હતાં. એ સમયે મોહન યાદવે કહ્યું હતુંકે, મર્યાદાને કારણે રામે સીતાને છોડવા પડ્યાં. તેમણે વનમાં બાળકોને જન્મ આપ્યો હતો. આજના દૌરમાં આ જીવન છુટાછેડા બાદના જીવન જેવું જ છે.

ભોપાલમાં ભાજપના કેન્દ્રીય કાર્યાલયમાં ધારાસભ્ય દળની બેઠક પહેલા ધારાસભ્યોએ ફોટો સેશન પણ કર્યું હતું. અહીં, રાજ્યના ત્રણ નિરીક્ષકો, હરિયાણાના સીએમ મનોહર લાલ ખટ્ટર, બીજેપી સાંસદ કે લક્ષ્મણ અને પાર્ટીના નેતા આશા લાકરા સાથે શિવરાજ સિંહ ચૌહાણ, વીડી શર્મા, નરેન્દ્ર સિંહ તોમર, પ્રહલાદ પટેલ અને તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યો હાજર હતા. શિવરાજસિંહ ચૌહાણે પોતાનું રાજીનામું રાજ્યપાલ મંગુભાઈ પટેલને સોંપ્યુ છે. મોહન યાદવે રાજ્યપાલને મળી સરકાર બનાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. નેટવર્થની વાત કરીએ તો તેમની પાસે કરોડોની સંપત્તિ છે. તેમણે વિધાનસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચને આપેલા સોગંદનામામાં આ વાતનો ખુલાસો કર્યો હતો.

મધ્યપ્રદેશના નવા સીએમ પાસે કુલ ૪૨ કરોડ રૂપિયાની સંપત્તિ છે. જ્યારે તેમના પર દેણાની વાત કરીએ તો તે લગભગ ૯ કરોડ રૂપિયા છે. એમપીના નવા મુખ્યમંત્રી મોહન યાદવની ગણના રાજ્યના અમીર નેતાઓમાં થાય છે, આ પહેલા મધ્યપ્રદેશમાં ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણી માટે સૌથી વધુ સંપત્તિ જાહેર કરનારા એમપીના ટોપ-૩ મંત્રીઓમાં ભૂપેન્દ્ર સિંહ પ્રથમ સ્થાને હતા અને મોહન યાદવ બીજા સ્થાને હતા.

મોહન યાદવે તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચને આપેલા સોગંદનામામાં પોતાની સંપત્તિની વિગતો આપી હતી. જે મુજબ મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રી પાસે ૧.૪૧ લાખ રૂપિયાની રોકડ છે, જ્યારે તેમની પત્ની પાસે ૩.૩૮ લાખ રૂપિયાની રોકડ છે. બેંકોમાં જમા રકમ વિશે વાત કરીએ તો, તેમની અને તેમની પત્નીના અલગ-અલગ બેંકોના ખાતાઓમાં ૨૮,૬૮,૦૪૪.૯૭ રૂપિયા જમા છે.



Vibrant GUJARAT 2024 10-12 Jan
Gateway to the Future | 10th Global Summit

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# 1
## મૃદુ નેતૃત્વમાં
# મક્કમ સરકાર

## અવિરત પ્રગતિનો હર્ષ, વિકાસનું એક વર્ષ



## એક માત્ર સંકલ્પ, વિકસિત ગુજરાત, વિકસિત ભારત

- PMJAY-MA યોજના હેઠળ મળતી ₹૫ લાખની સહાય બમણી કરી ₹૧૦ લાખ કરાઈ
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭% અનામતથી OBC સમુદાયનો સર્વાંગી વિકાસ
- ધોરણ ૧ થી ૮માં ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત
- વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત માઈક્રોન સેમિકન્ડક્ટરના પ્લાન્ટનું MoU પછી માત્ર ૯૦ દિવસમાં ભૂમિપૂજન
- જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ પર નિયંત્રણ લાવવા બનાવ્યો કડક કાયદો
- ધોરડોને સંયુક્ત રાષ્ટ્ર તરફથી "વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ"નું મળ્યું સન્માન
- ઝીરો કેઝ્યુઅલ્ટી એપ્રોચ સાથે બિપરજોય વાવાઝોડાના સમયે ઉદાહરણીય આપત્તિ વ્યવસ્થાપન
- અયોધ્યામાં શ્રદ્ધાળુઓ માટે ગુજરાત યાત્રીભવનનું થશે નિર્માણ
- ગુજરાતના ગરબાનો યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સમાવેશ
- રાજ્યમાં જી-૨૦ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન
- વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ૨૦ વર્ષની સમિટ ઓફ સક્સેસ તરીકે ઉજવણી
- શ્રમિકો અને તેમના કુટુંબીજનોને પાંચ રૂપિયામાં ભોજન પૂરું પાડતી શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વધ્યો વ્યાપ









## ગુજરાતે આંબ્યું વિકાસનું શિખર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિકસિત ગુજરાત થકી

## વિકસિત ભારતનું નિર્માણ




### પ્રજા સાથે સીધો સંવાદ

- દર સોમવારે અને મંગળવારે મુખ્યમંત્રીશ્રી દ્વારા નાગરિકોને મળી તેમના પ્રશ્નોના ઉકેલનો ભગીરથ પ્રયાસ
- બે દાયકાથી નાગરિકોના પ્રશ્નોને વાચા આપવા ચાલતો સ્વાગત ઑનલાઇન કાર્યક્રમ બન્યો વધુ  આધુનિક અને કાર્યક્ષમ

### ગ્રીન ગ્રોથ માટે ગુજરાતનો અવિરત પ્રયાસ

- રિન્યુએબલ પોલીસી–૨૦૨૩ અંતર્ગત રિન્યુએબલ ઈન્સ્ટોલ્ડ કેપેસીટીને ૧૦૦ ગીગાવોટ સુધી વધારવાનો લક્ષ્ય
- ગ્રીન હાઇડ્રોજન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન નીતિ ઘડવામાં આવી





### ગુજરાત બન્યું સ્વચ્છતાનું મોડલ

- શહેરો, નગરો, ગામો, રેલ્વે સ્ટેશન, બસ મથકો, ધાર્મિક સ્થાનો અને યાત્રાધામોમાં વિવિધ થીમ આધારિત સ્વચ્છતા હી સેવા અભિયાન
- **"શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા"** માટે ગુજરાતનો મંત્રઃ નવી બસો, સ્વચ્છ બસો અને સ્વચ્છ બસ સ્ટેશન

### વૈશ્વિક ક્ષેત્રે ગુજરાતના પ્રવાસનનું વધ્યું માન

- પ્રવાસન ક્ષેત્રે વર્ષ ૨૦૨૨માં વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાનેઃ ૧૭.૮૦ લાખ વિદેશીઓએ લીધી ગુજરાતની મુલાકાત
- દેશના પ્રવાસન ક્ષેત્રે ગુજરાતનો ૨૦.૭૦ ટકા હિસ્સો





### છેવાડાના માનવીનો સર્વાંગી વિકાસ

- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની ૨ લાખ વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય
- આદિજાતિ જિલ્લાઓમાં મળશે ઉચ્ચ શિક્ષણઃ અરવલ્લી, ડાંગ, મહીસાગર અને છોટાઉદેપુરના વિદ્યાર્થીઓ માટે શરૂ કરાશે નવી મેડીકલ કોલેજ

### ગુજરાતના અવિરત વિકાસને રાષ્ટ્રીય સ્તરે સન્માન

- **GeM** પોર્ટલ મારફતે પારદર્શક ખરીદી અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્ય સરકારને મળ્યાં સાત એવોર્ડ
- સુરક્ષાની ત્રીજી આંખ સમાન ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર–ત્રિનેત્રને મળ્યો ઈ–ગવર્નન્સ ગોલ્ડ એવોર્ડ

GeM Government e Marketplace
Efficient • Transparent • Inclusive



### સશક્ત મહિલા, સશક્ત ગુજરાત

- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો ૭ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ
- ૬૮૦થી વધુ SHE– ટીમ કાર્યરત થવાથી અને વુમન હેલ્પ ડેસ્ક થકી મહિલાઓની સુરક્ષામાં થયો વધારો

### શિક્ષણ આધુનિક સુવિધાથી બન્યું અદ્યતન

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ ૧૩૭૦૦થી વધુ સ્માર્ટ ક્લાસરૂમ્સના ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ
- યુવાનોના આઈડિયાને માઈન્ડ–ટુ–માર્કેટ પહોંચાડવા માટે ઈનોવેશન હબ ખાતે પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ સેન્ટરની શરૂઆત





### ઘરે ઘરે નળથી પહોંચ્યું જળ

- ૯૨ લાખ જેટલા નવા નળ કનેકશન થકી ઘરે ઘરે પહોંચ્યું નળ થી જળ
- ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પીવા તથા સિંચાઈ માટે નર્મદાનું પાણી માર્ચ ૨૦૨૪ સુધી આપવાનો નિર્ણય

### રોજગારલક્ષી યોજનાઓ થકી યુવાઓના સપના થશે સાકાર

- યુવા ઉદ્યોગ સાહસિકો–સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપતા સ્ટાર્ટઅપ પોર્ટલમાં ૧,૧૭૫થી વધુ સ્ટાર્ટઅપનું થયું રજિસ્ટ્રેશન
- રાજ્યના કૌશલ્યવાન ૧ લાખથી વધુ યુવાઓને રોજગાર મળી રહે તે માટે ૪૩૩ જેટલા ભરતી મેળા





### આધુનિક કૃષિ, આધુનિક ગુજરાત

- ૨૦ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈઃ રાજ્યમાં ૮.૫ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી
- અદ્યતન ડ્રોન ટેકનોલોજી દ્વારા નેનો યુરિયાના છંટકાવથી ઉત્પાદનની વધી અસરકારકતા

### સેચ્યુરેશન અભિગમ વડે સંકલ્પથી સમૃદ્ધિ સુધીની સફરનો શુભારંભ

- ૪ અમૃત સ્તંભ ગરીબો, મહિલો, ખેડૂતો અને યુવાનો પર આધારિત વિકસિત ભારત સંકલ્પ યાત્રાને મળી અભૂતપર્વ સફળતા
- રાજ્યના ૧૪,૬૦૦થી વધુ ગામોમાં રથ પરિભ્રમણ કરી સરકારી યોજનાની માહિતી આપવાની સાથે નાગરિકોને અપાશે વિવિધ યોજનાકીય લાભ



## સૌનો સાથ, સૌનો વિકાસ,

## સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ

પંચમહાલ-દાહોદ-મહીસાગર આવૃત્તિ

પંચમહાલ સમાચાર

# કાલોલ સ્મશાન ભૂમિ પાસે બેફામ ખાણ-ખનીજ વિભાગે છાપો મારતા રેતી ખાલી કરી ભાગેલ ટ્રેક્ટર ડ્રોન કેમેરા થી પકડાયું





- વાડ જ્યારે ચીભડા ગળે ત્યારે શું કરવું ?
- રેતી કાઢવાની લ્હાય મા સ્મશાનભૂમિ પાસેના વૃક્ષો નુ નિકંદન થતા સ્મશાન ગૃહ ને ખતરો, હિંદુ સંગઠનો નારાજ.
- કાલોલ શહેર અને તાલુકામાં ગેરકાયદેસર ખનનની વહેતી ગંગામાં ડૂબકી લગાવતા મોટા માથાઓ ની ચર્ચા.

કાલોલ,

કાલોલ નગર પાસેથી પસાર થતી ગોમા નદીમાં રેતી ખનન કરતા ભૂમફિયાની વાતો થી સમગ્ર વહીવટી તંત્ર વાકેફ છે. તાજેતરમાં નાયબ કલેકટર દ્વારા મામલતદાર કચેરીમાં બેઠકો કરી ખનન અટકાવવા માટેની ગતિવિધિઓ તેજ કરી હતી. કાલોલ તાલુકાના કાતોલ અને બોરૂ પાસે રેલ્વે ટ્રેક નજીક મોટા માથાઓના આશીર્વાદ થી કરોડો રૂપિયાની રેતી માટીનું ખનન થોડા મહિના પહેલા થઈ ગયેલ છે અને હાલ આજ સ્થળે પુનઃ રેતી ઉલેચી લેવા મોટા માફિયાઓ હિટાચી મશીન લઈ ઉતરી પડયા છે, પરંતુ મીડિયાની ટીમ સ્થળ પર પહોંચી જતા તેઓની મેલી મુરાદ પૂરી થઈ નથી. કાલોલ સ્મશાન ભૂમિના ખનન માફીયાઓના પાપે જળના સ્તર તો જમીનમાં ઉતર્યા પરંતુ નદી કાંઠે આવેલા વૃક્ષોને પણ જડમૂળ થી ઊખેડી પર્યાવરણનો નાશ કરવા જઈ રહ્યા છે. કાલોલ નગર પાસેથી પસાર થતી ગોમાં નદીમાં બેફામ રીતે ભૂમાફિયાઓ રેતી ચોરી કરતાં હોય છે. ભુસ્તરશાસ્ત્રીની રોયલ્ટી પાસ પરમિશન વગર બેફામ રીતે રોજિંદા હજારો ટન રેતી ઉલેચી લાખો રૂપિયા ની ચોરી કરી મોજમાં રહેતા હોય છે. ગોમા નદીના પટમાં રેતી ઉલેચી મોટા મોટા ધરા કરી દેવાયાં છે. તદુપરાંત રેતીના પટથી નદીના કિનારો તરફ રેતીની ગુફાઓ બનાવી કિનારાઓ પરના ઉભા વૃક્ષોનો પણ નાશ કરેલ છે. ત્યારે શનીવારે રજાના દિવસે બપોરના સમયે ખનીજ વિભાગની ક્ષેત્રીય ટીમ દ્વારા ગોમા નદીના સ્મશાન ભૂમિ પાસે છાપો માર્યો હતો. છાપો મારતા જ એક રેતી ભરેલુ ટ્રેક્ટર ચાલક ખનીજ વિભાગની ટીમને જોઈ રેતી ખાલી કરી ભાગ્યો હતો. ત્યારે ખનીજ વિભાગની ટીમે ડ્રોન કેમેરા ઉડાડી ભાગતા ટ્રેક્ટર જીજે.૧૭.બીએન.૯૪૮૫ને ચાલક સહિત ઝડપી પાડયું હતું અને મામલતદાર કચેરીમાં મુકાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહીતી મુજબ આ ટ્રેક્ટર અરવિંદભાઈ હસમુખભાઈ નાયક રે.કાલોલનું હોવાનુ અને ખ્યાતનામ ખનન માફીયાના કામમાં વપરાતું હોવાનું બહાર આવેલ છે. ત્યારે અંતિમ ધામ એવી સ્મશાન ભૂમિ કે જ્યાં મરણ બાદ તમામને જવાનું હોય છે. તેવો સ્મશાન ભૂમિમાં કરેલ બેફામ ખનનની તંત્ર દ્વારા માપણી કરાવી ઉદાહરણરૂપ કાર્યવાહી કરવામાં આવે તેવી હિંદુ સંગઠનોની પણ માંગ છે.

# દાહોદ જીલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળની ચિંતન બેઠક મામલતદાર મિશ્રાના અધ્યક્ષ સ્થાને યોજાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળની જીલ્લાનીચિંતન સભા, સંમેલન ડો.આંબેડકર આશ્રમશાળા ઉકરડી ખાતે દાહોદના મામલતદાર મિશ્રાની અધ્યક્ષતામાં તેમજ ઉદઘાટક તરીકે રાજકોટ થી અનુસૂચિત જાતિ સૌરભના પ્રેરક દિનેશભાઈ પરમાર અને ઝાલુઆ થી પધારેલ પત્ર રમેશભાઈ પરમાર અને પત્ર શાંતીબેન પરમારની ઉપસ્થિતિમાં યોજાય હતી. પત્ર દંપતિનું સન્માન દાહોદ જીલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળએ સ્મૃતિ ચિન્હ અને સાલ ઓડાવી કરવામાં આવ્યું. સ્વાગત પ્રવચન આશ્રમ શાળાના આચાર્ય રામસિંગભાઈ સોલંકી કર્યું હતું. મંચસ્થ મહાનુભવોનું સાલ અને પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન મામલતદાર મિશ્રાએ, વડોદરા થી પધારેલ બિલ્ડર ગીરીશભાઈ મિસ્ત્રીએ, પત્ર રમેશભાઈ પરમારએ, આ પ્રસંગે દાહોદ જીલ્લામાંથી વિવિધ ૩૬ જેટલા કર્મશીલોનું મુમેન્ટ અને સાલ ઓડાવી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદમંડળના પ્રમુખ ગોપાલભાઈ ધાનકાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. રાજકોટ થી પધારેલ અનુસૂચિત જાતિ સૌરભના પ્રેરક દિનેશભાઈ પરમારે જણાવ્યું કે જેમ વિવિધ પેટાજાતિ સમૂહોએ તેમના સામાજિક રીત–રિવાજના યોગ્ય નિયમન માટે પરંપરાગત સામાજીક પંચ રચેલ છે. તેમ સમસ્ત અનુસૂચિત જાતિ માટેની સંવૈધાનિક જોગવાઈઓના યોગ્ય નિયમન તેમજ શ્રેષ્ઠ ભાવી આયોજન માટે સમસ્ત અનુસૂચિત જાતિ સમુદાયે સંવૈધાનિક પણે સામાજીક રીતે સંગઠિત થવું આવશ્યક છે. અને આ સંગઠનની પ્રક્રિયામાં સહુને જોડાવા માટે આપણે પ્રત્યેક તાલુકા જીલ્લા સ્તરે અનુસૂચિત જાતિ કેળવણી મંડળ રચવા જોઈએ .જેના માધ્યમથી આપણે સમસ્ત અનુસૂચિત જાતિ સમુદાયને રાજ્યસ્તરે સંવૈધાનિક પણે સંગઠિત કરીને વિકાસ ઉન્મુખ કરવાના આયોજન બદ્ધ સામુહિક પ્રયાસો કરી શકીએ. જીલ્લા કક્ષાની બેઠકમાં તેમણે અનુસૂચિત જાતિ કેળવણી મંડળ સ્થાપવાના ઉદ્દેશો, તેનું કાર્યક્ષેત્ર, તેના નીતિ નિયમો, વિગેરે બાબતે ખુલા મને સમાજ વિચાર મંથન કર્યો હતો આ કેળવણી મંડળ સમસ્ત અનુસૂચિત જાતિ સમુદાયને સંવૈધાનિક રાહે બિન રાજકીય અને બિન સાંપ્રદાયિક પણે સંગઠિત થવા પ્રેરવા માટે છે કે, જેથી આપણા સહિયારા આયોજનબદ્ધ પ્રયાસો થી સમસ્ત અનુસૂચિત જાતિ સમુદાયની ભાવિ પેઢી સંપૂર્ણ સાક્ષરતા પામે, શિસ્તપ્રિય અને વ્યસન મુક્ત નાગરિક બને, આર્થિક અને સહકારી ક્ષેત્રે ઉત્કર્ષ સાધી શકે અને એ દ્વારા સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે. આ બેઠકમાં અંતે તાલુકા મથકના તેમજ જીલ્લા મથકના અનુસૂચિત જાતિ કેળવણી મંડળના પદાધિકારીઓની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ ગોપાલભાઈ ધાનકા દાહોદ, મંત્રી કિરણસિંહ ચાવડા જેસાવાડા, ઉપપ્રમુખ દેવચંદભાઈ પરમાર સુખસર, ઉપપ્રમુખ વિશ્વભાઈ પીઠાયા દાહોદ, સહમંત્રી ગજાનંદભાઈ પીઠાયા જેતપુર દુ., સહમંત્રી હીમાંશુભાઈ નાગર દાહોદ, ખજાનચી કનુભાઈ મકવાણા દે બારીયા, આંતરિક ઓડિટર રમેશભાઈ પીઠાયા નળુ, વિગેરે હોદ્દેદારોની સર્વાનું મતે વરણી કરવામાં આવી. જીલ્લા કારોબારીમાં ૨૩ સભ્યો અને કો.ઓપ્ટ તરીકે કારકના મગનભાઈ જાદવની જાહેરાત કરવામાં આવી. આભાર વિધિ જીલ્લા સહ કન્વીનર કિરણસિંહ ચાવડાએ કરી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈશ્વરભાઈ પરમાર કર્યું હતું. આ પ્રસંગે જીલ્લામાંથી ૧૦૫ જેટલા કર્મશીલો ઉપસ્થિત રહ્યા હતા. તે સૌનો આભાર વ્યક્ત કરી ભોજન પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા હતા.

# ધી પંચમહાલ જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ, ગોધરાના ચેરમેન અને વાઈસ ચેરમેન બિનહરીફ ચૂંટાઈ આવ્યા



ગોધરા,

ચેરમેન અને વાઈસ ચેરમેનને ગુજરાત વિધાનસભાનાં ઉપાધ્યક્ષ અને શહેરાનાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ, ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિહ પરમારે શુભેચ્છાઓ પાઠવી.

ધી પંચમહાલ જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ,ગોધરાના ચેરમેન અને વાઈસ ચેરમેન નાં હોદ્દાઓ માટેની ચૂંટણી આજરોજ શહેરના રાણા સોસાયટી ખાતે આવેલી સંઘની ઓફિસે ચૂંટણી અધિકારી, પ્રાંત અધિકારી પ્રવિણસિંહ જૈતાવતની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીના જી.બી. ગરાસિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. જે ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી ધવલ દેસાઈ સંઘના ચેરમેન તરીકે ચંદ્રસિંહ ડી. રાઉલજી અને વાઈસ ચેરમેન તરીકે પરમાનંદ બી.સોનીનાં નામના મેન્ડેટ જાહેર કર્યા હતા. જેમાં ચૂંટણી અધિકારી દ્વારા આપવામાં આવેલા ફોર્મમાં ઉપર મુજબના બે જ ઉમેદવારોએ ફોર્મ ભરતા બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારે ધી પંચમહાલ જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન તરીકે ચંદ્રસિંહ ડી. રાઉલજી અને વાઈસ ચેરમેન તરીકે પરમાનંદ સોનીની બિન હરીફ વરણી થતાં ઉપસ્થિત સૌ કોઈ તેઓને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારે આ વરણીનાં પ્રસંગે ચેરમેન ચંદ્રસિંહ રાઉલજી એ પોતાની ઈન્ચાર્જ ચેરમેન તરીકે કરેલી સંઘની કામગીરીનો પ્રગતિ અહેવાલ અને આગામી સમયમાં સંઘ હજી પણ તેઓના કાર્યકાળ દરમિયાન ઉતરોઉતર પ્રગતિ કરશે તેમ જણાવ્યું હતું. ચેરમેન અને વાઈસ ચેરમેનને ગુજરાત વિધાનસભાનાં ઉપાદયક્ષ અને શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ, ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી, કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિહ પરમારે શુભેચ્છાઓ પાઠવી.

# કાલોલમાં ઉગાડેલ ૧૮ લીલા ગાંજાના છોડ સાથે આરોપીને SOGએ ઝડપ્યો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,

કાલોલ તાલુકાના રાયણીયા–કરોલી ગામે બાતમીના આધારે આધારે એસ.ઓ.જી. પોલીસે આરોપીના રહેણાંક મકાનના પાછળ આવેલ જમીન ઉગાડેલ લીલા ગાંજાના નંગ–૧૮ કિંમત ૧,૫૪,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના રાણીયા–કરોલી ગામે રહેતા રડતીયાભાઇ નાયકના રહેણાંક ઘરની પાછળના ભાગે આવેલ જમીનમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલ છે. તેવી બાતમી એસ.ઓ.જી.પોલીસને બાતમી મળી હતી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઘર પાછળની જમીનમાં તપાસ કરતાં લીલા ગાંજાના છોડ નંગ–૧૮ વજન ૧૫,૪૦૦/– કિ.ગ્રા. કિંમત ૧,૫૪,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે કિરીટભાઈ રડતીયાભાઇ નાયકને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે એસ.ઓ.જી. પોલીસે આરોપી વિરૂદ્ધ વેજલપુર પોલીસ મથકે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

# કાલોલ તાલુકાના મધવાસ મુકન્દ લી.કંપની બિનખેતી જમીનમાં ગેરકાયદેસર કબ્જો કરી મકાન બનાવી ખેતી કરતાં લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ નોંધાઈ

કાલોલ,

કાલોલ તાલુકાના મધવાસ ગામે મુકન્દ લીમીટેડ કંપનીની માલિકીની સર્વે નં.૮૪૬ વાળી જમીનમાં ગેરકાયદેસર આધાર પુરાવા વગર બાંધકામ કરી મકાન બનાવી તેમજ બિનખેતીવાળી જમીનમાં ખેતી કરી જમીન કબ્જે કરી લેતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે લેન્ડ એન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના મધવાસ ગામે આવેલ મુકન્દ લીમીટેડ કંપનીની સર્વે નં.૮૪૬વાળી હે. આરે..૪૫.૮૫ ચો.મી. બિનખેતીવાળી જમીન હોય આ જમીનમાં આરોપી મક્વાણા રમેશભાઈ ઉર્ફે રમેશભાઈ ચતુરભાઈ સેનવાએ આ જમીનમાં કોઈપણ જાતના આધાર પુરાવા વગર બાંધકામ કરી પાકું પતરાવાળું મકાન બનાવી તેમજ બિનખેતી જમીનમાં ખેતી કરી રહેતા હોય આ જમીનનો કબ્જો ખાલી કરવા જણાવવા છતાં આરોપી જમીન ઉપરનો કબ્જો ખાલી નહિ કરી જમીનનો કબ્જો ભોગવટો કરેલ હોય આ બાબતે કાલોલ પોલીસ મથક આરોપી વિરૂદ્ધ લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી.

# દાહોદ કલેક્ટર કચેરી સભાખંડ ખાતે સાંસદ આદર્શ ગ્રામ યોજનાની બેઠક સાંસદના અધ્યક્ષ સ્થાને યોજાઈ



દાહોદ,

દાહોદ કલેકટર કચેરી ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષ સ્થાને સાંસદ આદર્શ ગ્રામ યોજનાની બેઠક યોજાઈ હતી. સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા તમામ અમલીકરણ અધિકારીઓને જણાવ્યુ કે, સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત પસંદ થયેલ ગામોમાં તમામ અમલીકરણ અધિકારીઓએ તેઓના વિભાગ શાખા અંતર્ગત કરવાની થતી કામગીરી માટે જે તે તાલુકાના તાલુકા વિકાસ અધિકારી અને ચાર્જ અધિકારી સાથે પરામર્શ કરી ગામોમાં બાકી રહેલ કામગીરી તેમજ તે કામગીરી પુર્ણ કરવા માટે આયોજન હાથ ધરવાનુ રહેશે. સાથે સાથે તમામ અમલીકરણ અધિકારીએ ગામોમાં તેઓના વિભાગ અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા નિયમિત રીતે સમ્યાંતરે કરવા જણાવ્યુ હતું. વધુમાં તમામ વિભાગોને સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતગર્ત પસંદ કરેલ ગામોમાં થયેલ કામગીરીની વિગતો તૈયાર કરવા તમામ અમલીકરણ અધિકારીઓને સુચના આપવામાં આવી. તેમજ ગામોમાં મેડીકલ કેમ્પ, પશુપાલન કેમ્પ, શાળાના બાળકો માટે ગણવેશ, પ્રાકૃતિક ખેતી, દુધ મંડળી, પંચાયત ઘર, વિજળી, ચેકડેમ, સખીલોન, આવાસ, કેટલશેડ વિગેરે ઉપર વિશેષ ભાર મુકતા સાંસદ દ્વારા જણાવવામાં આવ્યુ કે, કામગીરીમાં બાકી રહેલ લક્ષ્યાંકો સત્વરે સિદ્ધ થાય તે માટે તમામ વિભાગને આયોજન કરવા સુચના આપવામાં આવી.

આ બેઠકમાં જીલ્લા કલેકટર ડો.હર્ષિત ગોસાવી, નિવાસી અધિક કલેકટર એ.બી.પાંડોર,જીલ્લા ગ્રામ એજન્સીના નિયામક બી.એમ.પટેલ, પ્રાંત અધિકારી ઓ સહિત સંબધિત વિભાગના અધિકારી ઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીયામાં સરેઆમ સ્વચ્છતાના લીરેલીરા ઉડતા દેખાયા



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દાહોદ,

દે.બારીયા નગર પાલિકાનો વહિવટ જયારથી ચીફ ઓફિસર અને વહિવટદારોના હસ્તક થયો. ત્યારબાદ થી કોઈપણ વોર્ડમાં વિકાસના કાર્યો થયા નથી. પહેલાની બોડીએ જે કાર્યો અધકચરા કરી ગયા તે કાર્યો હાલમાં પણ અધુરા છે. તેમજ જુદા જુદા વિસ્તારોમાં કચરાના ઢગના ઢગ જોવા મળી રહ્યા છે. જ્યારે વરસાદી અને ગંદા પાણી, કાંસોની સાફ સફાઈ પહેલા ખાલી બીલો બની ગયા અને હાલમાં પણ સ્વચ્છતાના દુરદુર સુધી દેખવા મળતી નથી. સ્વચ્છ ભારત મિશશન અંતર્ગત લાખ્ખોની ગ્રાન્ટ વાપરવામાં આવે છે. ખાલી કાગળો ઉપર જેથી દે.બારીયા શહેરની આવી અવદશા કરી નાખી છે. ઉપરોકત તસ્વીર ભે ફળીયામાં આવેલી વરસાદી તેમજ ગંદા પાણીના કાંસ અને સબ જેલ પાસેના ગરનાળા તેમજ તાહેર ઉકરડાની બેદરકારી અંગેની બોલતી તસ્વીર છે.

# મહીસાગર જીલ્લાના કડાછલા ચોકડી પાસે આવેલ શંતિસાગર તળાવ પર વિદેશી પક્ષીઓ જોવા મળ્યા



તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસિનોર,

લુણાવાડા તાલુકાના કડાછલા ગામનું શાંતિસાગર તળાવ કડાછલા ચોકડીથી નજીક બાલાસિનોર – વીરપુર મુખ્ય માર્ગ પર આવેલ છે. તળાવની મધ્યમાંથી પસાર થતા મુખ્ય માર્ગના કારણે રોડની બંને બાજુએ રમણીય દ્રશ્ય જોવા મળે છે. તળાવ ખુબ છીછરૂં છે, જે વર્ષો થી વરસાદના પાણી આધારિત હતું. જેનાથી રવી સીઝન દરમિયાન જ ખાલી થઈ જતું હતું. હાલ છેલ્લા ૫ વર્ષ થી સુજલામ સુફલામ કેનાલની યોજનાના જોડાણનો લાભ મળતા તળાવ ઉનાળા સુધી ભરાયેલ રહે છે. જેના ફળ સ્વરૂપ છેલ્લા ત્રણ વરસ થી આ સીઝન દરમ્યાન વિદેશી પક્ષીઓનું આગમન થાય છે.

કર્મયોગી બાવન ગામ માછી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહી કાંઠા બાવન (૫૨) ગામ માછી સમાજનો શૈક્ષણિક વિકાસ થાય તથા બાળકો અને યુવાનોને શિક્ષણ માટેની પ્રેરણા અને પ્રોત્સાહન મળે તે હેતુથી વર્ષ- ૨૦૨૩ માં સમાજમાંથી નોકરીમાં નવી નિમણૂંક પામેલા કર્મચારીઓ, નિવૃત્ત થયેલ કર્મચારીઓ અને કોલેજ કક્ષાએ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર તથા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ કાર્યક્રમ ચોપેલી પ્રાથમિક શાળામાં યોજાયો.



# ખાનપુર તાલુકાના પાંડરવાડા ગામે પંચાયત અને કૃષિ રાજ્યમંત્રીની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ



મહીસાગર,

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોચે તેવા આશયથી ખાનપુર તાલુકાના પાંડરવાડા ગામે પ્રભારી મંત્રી અને પંચાયત અને કૃષિ રાજયમંત્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. સરકારની યોજનાકીય સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રી બચુભાઈ ખાબડ એ જણાવ્યું હતુંકે, ભારત સરકારની તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની પાત્રતા ધરાવતા વર્ગના લાભાર્થીઓને યોજનાઓનો લાભ મળી રહે તે માટે રાજ્ય સરકાર હંમેશા કાર્યરત છે. ભારત સરકાર દ્વારા છેવાડાનાં માનવી સુધી કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી પહોંચાડવા અને યોજનાઓની જાગૃતિ ફેલાવવા સરકાર દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ થકી વધુમાં વધુ લાભાર્થીઓ સુધી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચે તે માટે સમગ્ર રાજ્યનું વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે. આઝાદીના ૧૦૦ વર્ષે ૨૦૪૭માં આપણો દેશ સંપૂર્ણ વિકસિત થઈ જશે એવા સંકલ્પ સાથે મંત્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી માટે આ દેશની પ્રજા જ તેમનો પરિવાર છે.

# મોરવા હડફ ધારાસભ્યની અધ્યક્ષતામાં કેલોદ ખાતે ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ કાર્યક્રમ યોજાયો



ગોધરા,

મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથારની પ્રેરક ઉપસ્થિતિમાં મોરવા હડફ તાલુકાના કેલોદ ગામે ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ નું ગ્રામજનોએ ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. આ વેળાએ સરકારની પ્રજાલક્ષી યોજનાઓ અંગે ફિલ્મ નીહાળી ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા શપથ લીધા હતા. આ પ્રસંગે ધારાસભ્ય નિમિષાબેન સુથારે જણાવ્યું કે, સરકાર નાગરિકોના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતિત રહી છે. છેવાડાના માનવીને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ હેઠળ આવરીને લોકોના જીવનધોરણમાં સુધારો લાવવા માટે રાજ્ય સરકારે મહત્વના પ્રયાસો કર્યા છે. તેમણે જીલ્લાના નાગરિકોને સંકલ્પ યાત્રા થકી વધુમાં વધુ યોજનાકીય લાભો લેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ‘‘ધરતી કહે પુકાર‘‘ અંતર્ગત બાળકોએ નુકકડ નાટક પ્રસ્તુત કરીને પ્રાકૃતિક કૃષિ અપનાવી પર્યાવરણના રક્ષણ માટે ગ્રામજનોને જાગૃત કર્યા હતા.



પંચમહાલ જીલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા વિવિધ ગામોમાં પરિભ્રમણ કરી રહી છે. ત્યારે આ યાત્રા અન્વયે હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારના અધ્યક્ષસ્થાને જાંબુઘોડા તાલુકાના ભાણપુરા ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.93